જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૩/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૧૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૮૯	૦	૧૧૨૮૯	૧૭૪૧૧	૦	૧૭૪૧૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૮૬	૬૧	૨૯૦૪૭	૩૦૩૦૫	૬૪	૩૦૩૬૯
કુલ		૪૫૦૪૭	૬૧	૪૫૧૦૮	૫૪૨૧૮	૬૪	૫૪૨૮૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૪	૭૮,૫૯,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૫૨	૫,૫૨,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

વટવા પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે.દાખલ થયેલ પ્રોહીબીશન ગુના વટવા પો.સ્ટે. પાર્ટ-સી ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૧૦૦૦૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનાગુનાના આરોપી આસિફ ઉર્ફ આસો યુસુફભાઈ હમીદભાઈ જાતે-મોગલ ઉવ.૩૬ રહે-મ.નં.૨, મથુરાભવનની ચાલી, મરીયમબીબી ક્રોસિંગ પાસે, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ શહેરનાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રીઅમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૨૮૯/૨૧ તા.૦૩/૦૩/૨૦૨૧ નારોજમધ્યસ્થ જેલ રાજકોટ ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૦૪/૦૩/૨૦૨૧નાકલાક ૧૫/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલીઆપવાતજવીજકરેલછે.



નશાબંધીતથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮લીટર દેશી દારૂ અને ૪૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૧૫/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : જીનેન્દ્રકુમાર ચંપાલાલ જૈન(રહે.આદ્યશક્તિ નગર સોસાયટી, શક્તિ વિદ્યાલયની બાજુમા, ચાંદલોડીયા) એ તા.૦૪/૦૩/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૨/૪૫ થી ૩/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ જીનેન્દ્રકુમાર તથા તેમના ઘરની ઉપર રહેતા યોગેશભાઇના ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

મણીનગર : અલકાબહેન અલ્કેશભાઇ શાહ (રહે.લાધાવાલા કોમ્પલેક્ષ, પરીમલ હોસ્પિટલની સામે, એલ.જી.કોર્નર, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૧ સાંજના ૪/૦૦ થી તા.૦૪/૦૩/૨૦૨૧ સાંજના ૫/૧૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૪૯,૨૫૦/-તથા રોકડ રૂપિયા ૯૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૬,૨૫૦/-મતાની ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

વેજલપુર : વસીમખાન કાસમખાન પઠાણ (ઉ.વ.૩૫)(રહે.ઓવેશપાર્ક સોસાયટી, સનરાઈઝ સ્કુલની પાસે, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ થી તા.૦૨/૦૩/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાદરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૨,૫૦૦/-, કાંડા ઘડીયાળ કિંમત રૂપિયા ૨૦૦/-, ચાર્જર કિંમત રૂપિયા ૧૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૯,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.સી.પરમારચલાવે છે.

ગેલેરીમાંથી નીચે પડી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૪૧૬/૨૦૨૧**

ખોખરા : પુષ્પાબહેન રૂપચંદ સોલંકી (ઉ.વ.૯૦)(રહે.અલંકાર કોમ્પલેક્ષ ઇલાઝ ક્રોસિંગ પાસે, મણિનગર પૂર્વ) તા.૦૪/૦૩/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેલેરીમાં કપડા સુકવવાં જતાં કોઇ કારણસર નિચે પડી જતાં ઇજા થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જતારાતના ૮/૪૦ વાગે ફરજ પરનાં ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૧૭/૨૦૨૧**

મેઘાણીનગર : વિષ્ણુ શ્રીરામ પ્રજાપતી (ઉ.વ.૨૨)(રહે.ક્રિસ્મતનગર, ભાર્ગવરોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૩/૨૦૨૧ ના કલાક ૮/૩૦ થી રાતના ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ ખેમાભાઇ ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી. : સોનીકુમારી ડો/ઓ રઘુનંદન ભગત (રહે.વીનોબાભાવેનગર જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૩/૨૦૨૧ બપોરના ૩/૦૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોડામા લુંગી વડે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી